ટેલ ઓફ ઓરીગ્સ

પેક – 3

પ્રાઉડ પીટર

બુક - ૮

VISIT…

ત્રિમંત્ર

નમો વીતરાગાય
નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવઝ્ઝાયાણં
નમો લોએ સવ્વસાહૂણં
એસો પંચ નમુક્કારો;
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં; પઢમં હવઈ મંગલં
ઉઁ નમો ભગવતે વાસુદેવાય
ઉઁ નમઃ શિવાય
જય સચ્ચિદાનંદ

પ્રકાશક:

દાદા ભગવાન આરાધના ટ્રસ્ટ

૫, મમતાપાર્ક સોસાયટી, નવગુજરાત કોલેજની પાછળ

ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪, ગુજરાત, ભારત.

ફોન: (૦૭૯) ૨૭૫૪૦૪૦૮.

E-mail: info@dadabhagwan.org

Website: www.dadabhagwan.org

©: All Rights Reserved – Dada Bhagwan Aradhana Trust

Address as above

મુદ્રક:

અંબા ઓફસેટ

B – ૯૯, ઇલેક્ટ્રોનિક જી.આઇ.ડી.સી., K- ૬, સેક્ટર – ૨૫, ગાંધીનગર

ગુજરાત (ભારત) ફોન: (૦૭૯) ૩૯૮૩૦૩૪૧ / ૪૨

પ્રાપ્તિ સ્થાન:

ત્રિમંદિર, સીમંધર સીટી, અમદાવાદ કલોલ હાઇવે,

અડાલજ, જી. ગાંધીનગર – ૩૮૨૪૨૧. ગુજરાત, ભારત.

ફોન: (૦૭૯) ૩૯૮૩૦૧૦૦, ૩૯૮૩૦૦૩૪

E-mail: balvignan@dadabhagwan.org

Available on online store : https://store.dadabhagwan.org/

Website: kids.dadabhagwan.org

પહેલી આવૃત્તિ : ૧૦૦૦ કોપી, નવેમ્બર : ૨૦૧૮

મુલ્ય: ₹ ૧૨૦/- *(૪ બુકનો સેટ)*

પ્રાઉડ પીટર

બુક - ૮

ઓરીંગટન શહેરમાં પીટર નામનો એક ઘમંડી ઓરીગ રહેતો હતો. તેના વાળ સુઘડ, આંખો ચમકદાર અને ગાલ ગુલાબી હતા. રોજ એ જુદા જુદા ડિઝાઈનર કપડાં, બૂટ અને ઘડિયાળ પહેરી, પોતાની મોંઘી 'ઓસીડીઝ' કારમાં બેસીને બહાર નીકળતો. આ બધી ફેન્સી વસ્તુઓ પોતાની પાસે છે તેનો આનંદ માણવા કરતા એ બધી વસ્તુઓનો લોકો સામે દેખાડો કરવામાં તેને બહુ રસ.



એક દિવસ એણે અને એના મિત્રોએ નવું પિક્ચર 'ઓરીગઝીલા' જોવા જવાનું નક્કી કર્યું.

'હૂરરર્, પીક્ચર કેટલા વાગે શરૂ થવાનું છે ?' સ્ટેનલીએ ઉત્સાહમાં
આવીને પૂછ્યું.

'આપણે ત્યાં કેવી રીતે જઈશું ?' નાના સિન્સિયર સેમ્યુઅલે પૂછ્યું.

'ફ વાગ્યાની બસમાં.' હંમેશા મદદરૂપ થનાર હેલ્પફૂલ હેરીએ કહ્યું.



પણ પીટર કંઈક જૂદું જ વિચારતો હતો.

'એના કરતા આપણે બધા સ્ટાઈલથી મારી ઓસીડીઝમાં બેસીને
જઈએ તો?' એણે પોતાની મોંઘી કાર તરફ આંગળી ચીંધી.

'તેમાં ઈલેકટ્રીકલ બારી, હિટેડ સીટ અને મસ્ત મયૂઝિક સીસ્ટમ છે. એ ઉપરથી ખુલ્લી પણ થઈ શકે છે.'

'ગ્રેટ. સારું, તો આપણે એમાં જઈશું.' બધાં બોલ્યા.

પીટરની છાતી ગદગદ ફૂલી ગઈ.



પીક્ચરમાં જતી વખતે ગાડીમાં, પીટર પોતાની પાસે રહેલી બધી વસ્તુઓની બડાઈ હાંકતો હતો.

ત્યાં તો અચાનક.....

ધડામ ધડામ.....

અચાનક એક મોટો ધડાકો થયો. ફૂલ સ્પીડમાં ચાલતી ગાડી રોડ પર ઘસડાઈ. બાજુમાં એક ઝાડને અથડાતા અથડાતા માંડ બચી અને અંતે ઉભી રહી ગઈ. બધા ઓરીગ્સ આ શું થઈ ગયું એનો આઈડિયા ન આવતા આશ્ચર્યમાં પડી ગયા. સૌથી પહેલાં પીટર ગાડીમાંથી બહાર નીકળ્યો.

PP JJ 111

'ઓહ નો ! ટાયર પંકચર !' અકળાઈને પીટર બોલી ઉઠ્યો.

'ગ્રેટ, હવે ?' અકળાયેલા સ્ટેનલીએ ટોન્ટમાં પૂછ્યું.

'ચિંતા નહીં કર. મારી પાસે કારનો ફૂલ ઈન્સ્યોરન્સ છે !

મારા એક ફોનથી એ લોકો તરત આવી જશે.' ગર્વથી પોતાનો ફેન્સી મોબાઈલ ફોન બહાર કાઢતા પીટર બોલ્યો.

'અત્યારે હું મદદ માટે કોઈને બોલાવી લઉં છું !' કહી એણે ફોન હાથમાં લીધો. જોયું તો એ બંધ પડી ગયો હતો.

ઘમંડી પીટર આમ આસાનીથી છોડી દે એમ નહોતો.

'ઉફ્ફ !' પીટરે ચિડાઈને કહ્યું. 'આની બેટરી ડિસ્ચાર્જ થઈ ગઈ છે.'

સ્ટેનલીને ગુસ્સો આવ્યો, 'અમે બધા તારા લીધે મોડા પડીશું. કેટલા વાગ્યા છે ?' તેણે પૂછ્યું.

પીટરે પોતાની હીરાજડિત 'ઓલેક્સ' ડિઝાઈનર ઘડિયાળમાં જોયું

અને ચૂપ થઈ ગયો.

'કહેને, કેટલા વાગ્યા ?' સ્ટેનલીએ હવે ખરેખર ગુસ્સે થતા કહ્યું.

'હંઅઅઅ... મને એમ લાગે છે કે મારી ઘડિયાળ પાછળ છે.' કહી એ હતાશ થઈ ગયો.

"હા...હા...હા...હા... !" સ્ટેનલી પીટરની હાલત પર હસી પડ્યો અને ટોન્ટ મારતા બોલ્યો, "તું, તારી ફેન્સી ગાડી, તારો ફેન્સી ફોન અને તારી ફેન્સી ઘડિયાળ.

આ બધું આપણને બહુ કામમાં આવ્યું, આજે જો અમે બસમાં જતા રહ્યા હોત તો અત્યારે ત્યાં પહોંચી ગયા હોત."

પીટર રડવા જેવો થઈ ગયો. સેમ્યુઅલ સ્ટેન્લીને શાંત કરતા બોલ્યો,

"સ્ટેન્લી, અત્યારે મદદ કરવાના બદલે તું એને વઢે છે!"

પછી બધા તરફ નજર કરતા સેમ્યુઅલ બોલ્યો, "શું કોઈને ખબર છે કે આપણે અત્યારે ક્યાં છીએ?"

બધા આસપાસની જગ્યાને જોવામાં હવે પીટરને ભૂલી ગયા.

બધાના હાવભાવ જોઈને લાગતું હતું કે તેઓ ભૂલા પડ્યા છે.

અચાનક હેરીને રોડ પાસે એક બસ સ્ટોપ દેખાયું. એણે બધાને ત્યાં બસની રાહ જોવાનું કહ્યું.

ત્યાં પીટર બોલ્યો, 'મને ખબર છે કે આપણે ક્યાં છીએ. અહીંથી આપણે થોડી વારમાં જ થિયેટર પહોંચી જઈશું.'

'બસ ! બહુ થઈ ગયું, મને તારા પર ભરોસો નથી !' સ્ટેનલીએ ગુસ્સાથી કહ્યું.



બધા જ બતાવેલા રસ્તા પર ચાલવા લાગ્યા.

બધા દૂર દૂર સુધી ચાલતા જ રહ્યા. રસ્તામાં અમુક મકાનો અને ચર્ચ પસાર કર્યા. એક ગોળ સર્કલ ફરીને, અમુક ગલીઓમાંથી પસાર થતા થતા તેમણે આગળ એક ગાડી ઊભેલી જોઈ. નજીક જઈને જોયું તો એ પીટરની જ ગાડી હતી. આખું ચક્કર લગાવીને તેઓ જ્યાં હતા ત્યાં જ પાછા આવી પહોંચ્યા.

'મને લાગ્યું હતું કે તને રસ્તો ખબર છે' સ્ટેનલી હવે અકળાયો.

ક્યારનો પોતાની ભૂલો દેખાડતા સ્ટેનલી પર પીટર ગુસ્સો થઈ ગયો.

બંને મોટા અવાજે એકબીજાની ફરિયાદ કરવા લાગ્યા. તેમને શાંત પાડવા સેમ્યુઅલ વચ્ચે પડ્યો.

'તમે બંને હવે ચૂપ થશો ? તમને બંનેને ઉપાય શોધવાની પડી જ નથી.' બંનેની વચ્ચે જઈને તે બોલ્યો.

બધા એકબીજાની સામે જોવા લાગ્યા અને શાંત થઈ ગયા.

એટલામાં તો હેરીએ બુમ પાડી.

'ત્યાં જૂઓ!'

એણે રોડ પરના બસ સ્ટોપ પાસે બસને આવતા જોઈ. કંઈ પણ વિચાર્યા વિના તેઓ ઝડપથી એ બસને રોકવા માટે હાથ હલાવવા લાગ્યા.



બસ ડ્રાઈવરે નાનકડા ઓરીગની મદદ માટે બસ ઊભી રાખી.

પીટરની ગાડીને તેના ઘર સુધી પહોંચાડવા માટે પણ તેણે આગળ વ્યવસ્થા કરી આપી. પીટર એની ગાડી માટે પાછળ રહ્યો અને બીજા બધા બસમાં ચઢી ગયા.

જ્યારે તેઓ થિયેટરમાં દાખલ થયા, ત્યારે પિક્ચર શરૂ થવાની તૈયારીમાં જ હતું.


The Beginning

બીજા દિવસે સ્ટેન્લી, સેમ્યુઅલ અને હેરી ઉત્સાહથી ગઈકાલના પિક્ચરની વાતો કરતા હતા. ત્યાં તો પીટર આવ્યો.

'પિક્ચર કેવું હતું?' તેણે પૂછ્યું.

'સુપર !' સેમ્યુઅલ બોલ્યો. 'ખાસ કરીને સ્પેશીયલ ઈફેક્ટસ બહુ જબરજસ્ત હતી!'

'એક્શન પણ જોરદાર હતી ! હેરીએ ઉમેર્યું.' 'હું તો જાણે મારી સીટ પર ઊભો થવા જેવો જ થઈ ગયો હતો.'

'તે આ બધું મીસ કર્યું.' સ્ટેનલીએ ટોન્ટમાં કહ્યું,
'પણ એમાં વાંક તો તારો જ હતો ને.'

આગલા દિવસના બનાવથી અસ્થિર પીટર હવે રડી પડવાની તૈયારીમાં હતો.

એ ખુરશીમાંથી એકદમ ઊભો થઈ ગયો.

'મને લાગે છે કે મારી આંખમાં કચરો પડ્યો છે, હું થોડીવારમાં આવું.'

પોતે રડી પડે એ પહેલા તે ઝડપથી ત્યાંથી ગાયબ થઈ ગયો.



બીજા દિવસે, પીટર આખા બનાવને ફરીથી યાદ કરવા લાગ્યો. એનાલીટીકલ હોવાના કારણે તેને સમજાયું કે બડાઈ હાંકવી એ એક અવગુણ છે. જે વસ્તુઓ માટે એ અભિમાન કરતો હતો, એ જ વસ્તુઓએ એને બધાની સામે નીચો પાડ્યો.



પોતાની ભૂલ સમજાતા એને પોતાના વર્તન માટે પસ્તાવો થવા લાગ્યો.

એણે નક્કી કર્યું કે આજ પછી એ ક્યારેય પોતાની કોઈપણ વસ્તુ માટે અભિમાન નહીં કરે અને તેની બડાઈ નહીં મારે.

અને પીટર નમ્ર બની ગયો. એની પાસે રહેલી બધી વસ્તુઓનો એ જરૂરિયાત પૂરતો ઉપયોગ કરતો. પણ તેનો દેખાડો કરવાનું અને એની બડાઈ મારવાનું એણે બંધ કરી દીધું.

એનામાં આવેલું પરિવર્તન જોઈ એના મિત્રો ખુબ ખુશ થયા.

ખાસ કરીને સ્ટેનલી.

'હવે પીટર બદલાઈ ગયો છે.' સ્ટેનલીએ એના એક ફ્રેન્ડને કહ્યું.

'એટલું જ નહીં, એ સમજદાર પણ થઈ ગયો છે. એ પોતાની કોઈ પણ વસ્તુની બડાઈ નથી હાંકતો,' એના ફ્રેન્ડે જવાબ આપ્યો.

આ સાંભળીને પીટર એટલો આનંદમાં આવી ગયો કે ખુશીથી નાચી ઉઠ્યો.

અને આમ નાનકડો ઘમંડી ઓરીગ પીટર નમ્ર બની ગયો.



પીટરની દેખાડો કરવાની
અને પોતાની વસ્તુઓની બડાઈ
હાંકવાની ફુટેવ ત્યારે છૂટી જ્યારે
એક દિવસ એને પાઠ શીખવા
મળ્યો...

ISBN 978-93-87551-05-3
9 789387 551053
Printed in India
₹ 120 (૪ બુકનો સેટ)